૨ "શીખવાની કળા" પુસ્તકમાંથી લીધેલ નીચેનો પરિચ્છેદ વાંચી પ્રશ્નનો ઉત્તર આપો.

ભાવાત્મક ખુલ્લાપણું અને સંવેદનશીલતાનું સંવર્ધન ત્યાં જ થઇ શકે જ્યાં વિદ્યાર્થી, અધ્યાપક સાથેના પારસ્પરિક સંબંધોમાં પોતાને સુરક્ષિત અનુભવે છે. પોતાની સુરક્ષાની ભાવના બાળકોની પ્રાથમિક માંગ હોય છે. પરાવલંબી હોવું અને સુરક્ષિત હોવાની ભાવનામાં ઘણું મોટું અંતર હોય છે. ઘણા શિક્ષકો મને- કમને પરાવલંબનની ભાવનાનું સંવર્ધન કરે છે અને આ રીતે પ્રછન્નરૂપે ભ્રમનો વધારો કરે છે.

પ્રશ્ન: પ્રસ્તુત પરિચ્છેદને આધારે વિદ્યાર્થીઓમાં મુક્ત વ્યક્તિત્વનું નિર્માણ કરવા સાંપ્રત સમયના શિક્ષકોને કઈ સલાહ આપશો?

૩ "શિક્ષણ વિચાર" પુસ્તકમાંથી લીધેલ નીચેનો ફકરો વાંચી આપેલ પ્રશ્નનો ઉત્તર લખો.

ગધેડાના બચ્ચાને પૂછવામાં આવે કે તને ગધેડાની ભાષામાં જ્ઞાન આપવું જોઈએ કે સિંહની ભાષામાં, તો એ શું કહેશે? એ કહેશે કે સિંહની ભાષા ગમે તેટલી સારી હોય , મને તો ગધેડાની ભાષા જ સમજાશે, સિંહની નહિ. એ તો દીવા જેવું સ્પષ્ટ છે કે મનુષ્યનું હૃદયગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષા જ છે.અને તેના દ્વારા જ શિક્ષણ અપાય.

પ્રશ્ન : શિક્ષણના માધ્યમની પસંદગી સંદર્ભે તમે તમારા પાલ્ય માટે શો નિર્ણય લેશો? શા માટે?

—— X ——